# આજે પ્રાંતિજમાં પાટીદારોની રેલી યોજાશે

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ આજે પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગને લઈને રેલી યોજાશે.

સમગ્ર ગુજરાતમાં પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગ સાથે વેગ પકડ્યો છે ને ગુજરાતના વિવિધ જિલ્લાઓ તાલુકાઓમાં વિશાળ પાટીદાર સેના દ્વારા ગુજરાતભરમાં અનામતની માંગ સાથે દેખાવો તથા વિશાળ રેલીઓ સાથે સમગ્ર ગુજરાતમાં ઠેરઠેર સરકાર સુધી અનામતમાં સમાવવા માટેની માંગ પહોંચે તે માટે વિવિધ જગ્યાએ આવેલ કચેરીઓમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યા છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ પાટીદાર સમાજ દ્વારા આજે વિશાળ રેલીનું આયોજન કરેલ છે. જેમાં પોગલુ, પલ્લાચર, વદરાડ, અમીનપુર, ઘડકણ, મોયદ, મજરા, સોનાસણ, બાલીસણા, ઉછાં વગેરે તાલુકામાં વસવાટ કરતાં પટેલ સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાશે અને હાઈવે ત્રણ રસ્તાથી રેલવે સ્ટેશન સુધી વિશાળ રેલી યોજી પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર આપશે તેવું પ્રાંતિજ તાલુકાના સમિતિ પાટીદાર સમાજના રેલી કન્વીનર અનિલભાઈ પટેલે જણાવ્યું હતું.



મોડાસાના સાંઈ મંદિરે ફૂલોના હિંડોળા દર્શન

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરના શિવાલયમાં શ્રાવણ માસના દર સોમવારે અલગ-અલગ હિંડોળા ભરવામાં આવે છે. ચાલુ શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે ફૂલોના હિંડોળા ભરવામાં આવ્યા હતા. મોડાસા શહેરના શિવભક્તો અને પ્રજાજનોએ ફૂલોના હિંડોળાનો ધર્મપ્રેમી જનતાએ લાભ લીધો હતો. (તસવીર : જય અમીન, મોડાસા)

## અરવલ્લીમાં શ્રાવણના સરવરીયા મોડાસામાં ૨૫ મી.મી. વરસાદ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાએ શ્રાવણિયાના સરવૈયા કર્યા હતા. મંગળવારે સવારે મોડાસા શહેર અને પંથકમાં ધીમા પવન સાથે વરસાદ ખાબક્યો હતો. મોડાસા શહેરમાં વહેલી સવારથી શરૂ થયેલા વરસાદે બપોર સુધી સતત ચાલુ રહેતા ૨૫ મી.મી. વરસાદ વરસ્યો હતો. મેઢાસણ પંથકમાં વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા હતા.

સમગ્ર ગુજરાત રાજ્યમાં અને અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુ ધીમેધીમે જામી રહી છે. રવિવારે મોડાસા પંથકમાં અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. રવિવારે તો ઉનાળાની ઋતુ જેવો વાતાવરણમાં ગરમાવો જોવા મળ્યો હતો. સોમવારે પણ અસહ્ય બફારાથી મોડાસાના પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા હતા. મંગળવારે વહેલી સવારે મેઘરાજાએ પધરામણી કરતા કેટલાક વિસ્તારોમાં હળવા ઝાપટા તેમજ ભારે ઝાપટા પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અરવલ્લી જિલ્લાના ભૂમિપૂત્રો પાકને અનુરૂપ આ સીઝનમાં વરસાદી ઝાપટા પડતા આનંદીત થઈ ગયા હતા. મોડાસા શહેરમાં અને મેઢાસણ પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર પધરામણી કરી હતી. વહેલી સવારથી સતત વરસાદ વરસતા મેઢાસણ પંથકના ખેતરોમાં પાણી ભરાયા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

## તાજપુર પ્રાથમિક શાળામાં રાષ્ટ્રધ્વજનું અપમાન

### બીજા દિવસ સવાર સુધી ધ્વજ ફરકતો રહ્યો : સવારે શાળામાં જાણ કરવામાં આવ્યા પછી ધ્વજ ઉતાર્યો

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગષ્ટના દિવસે ફરકાવેલો ધ્વજ બીજા દિવસ સવારે ઉતારતા દેશની આન બાન શાનનું અપમાન થયાની ચર્ચાએ વેગ પકડ્યો છે.

પ્રાંતિજ તાલુકાના તાજપુર પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગષ્ટના દિવસે ફરકાવેલો ધ્વજ શાળા દ્વારા બીજા દિવસે સવારે ઉતારતા રાષ્ટ્ર ધ્વજનું અપમાન થયું છે, જ્યારે ધ્વજ વંદન કર્યા પછી શાળાના આચાર્યને જાણે ખબર નહી હોય કે ધ્વજ સાંજના સમયે ઉતારી દેવાનો હોય છે. પણ બીજા દિવસે શાળામાં ધ્વજ સવાર સુધી ઉતારવામાં ના આવતા ગામમાં ચર્ચાએ વેગ પકડ્યો હતો. ત્યારે સમજદાર નાગરિક દ્વારા શાળાના આચાર્યનું ધ્યાન દોરાતા આચાર્ય મહાશય દ્વારા બીજા દિવસે સવારે શાળામાં દોડી આવ્યા હતા અને ધ્વજને ઉતારી દેવામાં આવ્યો હતો.

## રતનપુર ચેકપોસ્ટ પાસે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો : કારચાલક ફરાર

શામળાજી, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસે ગેરકાયદેસર વિદેશી દારૂ ભરેલી વર્નાકાર ઝડપી પાડી હતી. શામળાજી પોલીસે ૧૧૪૦૦૦ નો વિદેશી દારૂ જપ્ત કરી ફરાર કાર ચાલક વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ આંતરરાજ્ય સરહદ હોવાથી આંતરરાજ્ય બુટલેગરો દ્વારા ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગેરકાયદેસર વગર પાસપરમિટનો વિદેશી દારૂ ઘુસાડી નાણા કમાઈ લેવા માટે નિતનવા નુસખા અપનાવી રહ્યા છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાન તરફી આવી રહેલી હુન્ડાઈ વર્ના કાર (નં. જીજે૧.કેએલ.૯૮૧૯)ને અટકાવી તલાશી હાથ ધરતાં વર્નાકારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂની પેટી નંગ ૧૯ કુલ




બોટલો નં. ૬૯૬ કિંમત રૂ. ૧,૧૪૦૦૦ તથા હુન્ડાઈ કારની કિંમત રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ ૬,૧૪,૦૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસે ફરાર કારચાલક સામે પ્રોહિબિશન એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(ઈ) ૧૧૬ મુજબ ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

## પ્રાંતિજમાં પેટ્રોલ પંપ માલિકની મનમાની

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલમાં બે દિવસ અગાઉ ભાવ ઘટાડો થવા છતાં પ્રાંતિજ ખાતે આવેલ એસ્સાર પેટ્રોલ પંપના માલિક દ્વારા બપોર સુધી ભાવ ન ઘટાડતા કેટલાય ગ્રાહકો છેતરાયા હતા અને જાગૃત ગ્રાહકો જોડે તુ..તુ.. મે...મે..ના દશ્યો સર્જાયા હતા.

પ્રાંતિજ એપ્રોચ રોડ પર આવેલ એસ્સાર પેટ્રોલ પંપ માલિક દ્વારા સરકાર દ્વારા ભાવ રાત્રીના સમયથી પેટ્રોલમાં પ્રતિ લિટર ૧.૨૭ રૂપિયાનો ઘટાડો તથા ડીઝલમાં પ્રતિ લિટર ૧.૧૭ રૂપિયાનો ઘટાડો થવા છતાં બપોર સુધી ભાવ ઘટાડો કરવામાં આવ્યો નહતો. ત્યારે કેટલાય જાગૃત ગ્રાહકો ભાવને લઈને કચકચ કરતાં બપોર સુધી તુ..તુ..મેં..મે..ના દશ્યો જોવા મળ્યા હતા. જ્યારે જો રાત્રીના સમયે ભાવ વધારો આવે તો રાત્રીના ૧૨ના ટકોરાની રાહ જોયા વગર રાત્રીના સમયે જ ભાવ વધારી દે છે. ત્યારે અગાઉ પણ આજ પેટ્રોલ પંપ ઉપર ભાવ ઘટાડો થવા છતાં ભાવ ઘટાડો ન થતાં તે સમયે પણ જાગૃત ગ્રાહકોએ હોબાળો કર્યો હતો અને વિવિધ ન્યૂઝ પેપરોમાં પેટ્રોલ પંપના નામ સહિત સમાચાર પ્રસિદ્ધ થયા હતા. છતાં તંત્ર દ્વારા પેટ્રોલ પંપ ઉપર કોઈ જાતની કાર્યવાહી કરવામાં આવી ન હતી. ત્યારે શું તંત્રની પણ મીલીભગત હોય તેવું જણાઈ આવે છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ફરી પણ ભાવ ઘટાડો થવા છતાં પેટ્રોલ પંપ માલિક દ્વારા ભાવ ઘટાડો ન કરતાં તંત્ર કાર્યવાહી કરશે કે કેમ એ ચર્ચાઓ હાલ તો જાગૃત ગ્રાહકો જણાવી રહ્યા છે.

## રાજપુરના માર્ગ પર કાદવ કીચડનું સામ્રાજ્ય

### ભુગર્ભ ગટરના કામકાજ બાદ ખાડા યોગ્ય રીતે ન પુરાતા સમસ્યા સર્જાઈ

ડીસા શહેરના રાજપુર વિસ્તારમાં ભુગર્ભ ગટરના કામકાજ વખતે ખોદકામ દરમ્યાન યોગ્ય રીતે પુરાણ નહી કરાતા વરસાદી માહોલ વચ્ચે માર્ગો પર ઘુંટણ સમા પાણી ભરાઈ ગયા છે. જેના કારણે રાહદારીઓ તેમજ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. રાજપુર વિસ્તારમાં ભુગર્ભ ગટરના કામકાજ સમયે જાહેર માર્ગો પર ખોદાણ કરવામાં આવ્યું હતું. પરંતુ ભુગર્ભ ગટરનું કામકાજ પૂર્ણ થયા પછી તેના ઉપર યોગ્ય રીતે માટીકામ નહી થતાં વરસાદ આવતા જ જાહેર માર્ગો પર એક ફુટ જેટલો કાદવ કીચડ જામી ગયો છે. જેના કારણે વાહન ચાલકો તેમજ રાહદારીઓની હાલત કફોડી બની જવા પામી છે. કાદવ કીચડના થર એટલી હદે જામી ગયા છે કે વિદ્યાર્થીઓ શાળાએ પણ જઈ શકતા નથી. જેના કારણે લોકો ત્રાહિમામ બની ગયા છે. આ બાબતે આ વિસ્તારના રહિશોએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં વરસાદી માહોલ વચ્ચે રસ્તામાં કાદવ કીચડનું સામ્રાજ્ય છવાતા લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ત્યારે નગરપાલિકા દ્વારા સત્વરે કાદવ કીચડ હટાવવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



## દાવડમાં સમાધાન મુદ્દે ભરવાડો અને રબારીઓ વચ્ચે ધિંગાણું

હિંમતનગર, તા. ૧૮

ઈડર તાલુકાના દાવડ ગામે રવિવારે અગાઉ થયેલા ઝઘડાના સમાધાન માટે ભરવાડો તથા રબારીઓના જૂથો વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં કેટલાક મુદ્દાઓને લઈને ઉગ્ર બોલાચાલી થતાં ધિંગાણું મચી ગયુ હતું. જેમાં કેટલાક ચાર વાહનોની તોડફોડ કરાઈ હતી. તેમજ રૂા.૮૦ હજારના દાગીના પણ લૂંટાઈ ગયા હતા. ઉપરાંત ધિંગાણામાં ૧૧ જણાને ઈજા થતા તેમને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા. જે અંગેની ફરિયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

## લાયન્સ પરિવાર મોડાસા દ્વારા શિવશ્રદ્ધા સાથે જીવસેવાનો સમન્વય

મોડાસા, તા. ૧૮

મોડાસા શહેરમાં લાયન્સ સોસાયટી અને લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા જીલ્લાભરમાં વિવિધ સેવા પ્રવૃત્તિ અને સાંસ્કૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. લાયન્સ પરિવાર મોડાસા દ્વારા આજે મોડાસા શહેરમાં આવેલા શિવાલયોમાં શિવભક્તો દ્વારા કરાતા અભિષેકનો પ્રસાદીરૂપી ચઢાવી બાકી દૂધ એકઠુ કરી જરૂરીયાતમંદ લોકોને પહોંચાડી શિવભક્તિ સાથે જીવસેવાના સમન્વયરૂપી પ્રયાસ કરાયો હતો.

હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસ ભક્તિમય અને ભગવાન મહાદેવ ભોળા શંભુનાથનો તેમજ તહેવારોનો મહિનો ગણાય છે. શ્રાવણ જેવા પવિત્ર માસમાં ભક્તો દ્વારા દરરોજ સવારે શિવ ભગવાનને રીઝવવા બિલીપત્રો અને દૂધનો અભિષેક કરવામાં આવે છે. આ ભક્તિ સાથે શ્રદ્ધાનો વિષય છે. લાયન્સ પરિવાર દ્વારા મોડાસાના ઓધારી મંદિરના વૈજનાથ, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, ગેબીનાથ મહાદેવ મંદિરમાં દૂધ એકઠુ કરવાના બેનરો લગાવાની સાથે મહાદેવના ભક્તોને સમજાવી એક જનજાગૃતિ અભિયાન હેઠળ પ્રસાદરૂપી દૂધ ચઢાવી બાકી દૂધ શિવાલયો નજીક રાખેલા પાત્રોમાં એકઠુ કરી ગરીબ બાળકો, જરૂરીયાતમંદવાળા લોકો, મુંગા



પ્રાણીઓને પીવડાવી જરૂરીયાતમંદવાળા લોકો અને દરદીઓને પહોંચાડવાનું ભગીરથ કાર્ય આરંભવામાં આવ્યું છે. લાયન્સ પરિવાર દ્વારા શિવ આરાધના સાથે જીવ આરાધનાના સેવાકાર્ય કરવાના પ્રયાશને શહેરના પ્રજાજનો અને શિવભક્તોએ સરાહના કરી હતી. લાયન્સ પરિવારના પ્રમુખ સુરેશ પટેલ, લાયોનેસ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, લીયો મિત્રો, લાયન્સ ઝોન ચેરમેન પ્રવિણ પરમાર અને લાયન્સ પરિવાર મોડાસાના સભ્યો હાજર રહ્યા હતા.

(તસવીર જય અમીન, મોડાસા)

## ગાજણ ગામે નવીન માર્કેટયાર્ડનું ભૂમિપૂજન કરાયું

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મોડાસા દ્વારા આગામી ત્રણ વર્ષમાં અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નવુ ગંજબજાર મોડાસા-શામળાજી રાજ્ય ધોરી માર્ગ પર બાજકોટ ગામની સીમમાં ૨૬ વિઘા જમીનમાં નિર્માણ થનાર છે. આ નવિન માર્કેટયાર્ડનું ભૂમિપૂજન જિલ્લાના આગેવાનો, સરકારી આગેવાનો અને ભૂમિપૂત્રોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનું ગંજબજાર મોડાસાના ભરચક વિસ્તાર એવા બસસ્ટેન્ડ પાછળ આવેલું છે. ત્યારે ખેડૂતો અને વેપારીઓને અનુકૂળ અને અત્યાંધુનિક ગંજબજારનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. અંદાજે ૧૦૦ કરોડના ખર્ચે થનાર નવિન માર્કેટયાર્ડનું ભૂમિપૂજન અરવલ્લી-સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. સરડોઈ ગાયત્રી આશ્રમના મહારાજ પ્રદ્યુમન સાસ્ત્રીએ શુભાશિષ પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ ભરતસીંહ રહેવર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન, સાબરકાંઠા બેંકના ડિરેક્ટર પંકજભાઈ પટેલ હાજર રહ્યા હતા.

નવિન માર્કેટયાર્ડના સ્થળે ખાતમુહૂર્ત, વિઘ્ન, વિમોચન વિધિ અને દિપપ્રાગટ્ય પછી સાંસદ દિપસિંહ રાઠોડે મોડાસા એપીએમસીના એડવાન્સ અત્યાધુનિક ગંજબજાર બનાવવાના અને ભૂમિપૂત્રો અને વેપારીઓ માટે સુવિધાજનક અને ખેતી ઉપયોગી આ પ્રોજેક્ટને બિરદાવ્યો હતો. નવિન માર્કેટયાર્ડમાં ખેડૂતોને અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવનાર માર્કેટયાર્ડના ચેરમેન ચંદુભાઈ પટેલ, વાઈસ ચેરમેન રાકેશ પટેલ અને સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટર્સની દિર્ઘદષ્ટિ અને ગતિશિલ ગુજરાત અંતર્ગત ભૂમિપૂત્રોને ઉપયોગી માર્કેટયાર્ડના નિર્માણની સરાહના કરી હતી.




(તસવીર : જય અમીન, મોડાસા)



## ડીસામાં આનંદ મેળાની પરમીશન રદ કરવા માંગ

દેશમાં આતંકવાદી ગતિવિધીઓની વચ્ચે સુરક્ષા તંત્રની ઉંઘ હરામ છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આનંદ મેળાને અપાયેલી પરમીશન રદ કરવા માટે રજુઆત કરવામાં આવી છે. ડીસા શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તાર ધાર્મિક તહેવારો નિમિત્તે સતત લોકોથી ભરચક રહે છે. જ્યાં અત્યારે આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સરકારી તંત્ર દ્વારા તેની પરમીશન પણ આપવામાં આવી છે. જો કે આ વિસ્તારમાં માનવ ભીડને કારણે આતંકવાદી સાજીસ થઈ શકે તેવું આસપાસના રહિશોનું માનવું છે એટલે જાગૃત નાગરીક ઘનશ્યામ કૌશિક દ્વારા આનંદ મેળાની પરમીશન રદ કરવા માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## મહેસાણામાં ઓબીસીઓની બેઠકો યોજાઈ

મહેસાણા, તા. ૧૮

મહેસાણા ખાતે અર્બુદા ભવનમાં સામાજીક, શૈક્ષણિક અને પછાત વર્ગ (ઓબીસી) સમાજના અગ્રણીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય સરકારે પ્રધાનોની જે સમિતિ બનાવેલ છે તેનો વિરોધ કર્યો હતો અને આગામી દિવસોમાં ગામડે ગામડે ચિંતન બેઠકો યોજવાનો નિર્ણય કર્યો હતો. આ બેઠકમાં ઓબીસી સમાજના ત્રીસ જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.



ડીસા શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે રખડતી ગાયોનો માર્ગ પર અડીંગો જામતા વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડી રહી છે. ગાયોની અડફેટે ટુંકા ગાળામાં ત્રણ વ્યક્તિઓના મોત બાદ પણ રખડતી ગાયોના ત્રાસમાંથી લોકો ભય મુક્ત થયા નથી. (કાંતિલાલ લોધા, ડીસા)